# જાહેરનામુ

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

## ક્રમાંક : ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૨૪ /૨૦૧૯ તા.૨૩/૦૯/૨૦૧૯

આગામી તા. ૨૯/૯/૨૦૧૯ થી તા. ૭/૧૦/૨૦૧૯ ના નવરાત્રી તથા તા. ૮/૧૦/૨૦૧૯ ના રોજ દશેરાના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. આ તહેવારોની ઉજવણી દરમ્યાન આવતા-જતા વાહનો તથા રાહદારીઓને રોકી તેઓની પાસેથી બળજબરીથી પૈસા ઉઘરાવવા તેમજ અન્ય ત્રાસદાયક કૃત્યોથી અડચણ કે ત્રાસ કે ઈજા પહોંચે તેવી શકયતા રહેલી છે અને આજ કારણોસર બખેડો, હુલ્લડ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની પ્રબળ શકયતા રહેલી છે. કોઈ વ્યક્તિ, જાહેર જનતાને કે બહુજન સમુદાયને હાનિ, ભય અથવા ત્રાસ પહોચે તેવું અથવા સાર્વજનિક અધિકાર ભોગવવા સમયે કોઈ વ્યક્તિને જે કૃત્યથી હાનિ, ભય, અડચણ કે ત્રાસ થાય તેવું કૃત્ય થતું અટકાવવું જરુરી છે. જાહેર સ્થળે અશ્લિલ ગીતો ગાય, સંભળાવે, અશ્લીલ શબ્દો ઉચ્ચારે, ઈશારા કરે વિગેરે અશ્લીલ કૃત્યો થતા અટકાવવા જરુરી છે. તેમજ જાહેર જનતા, સિનિયર સિટીઝન, દર્દી, શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુ રહેતી જાહેર જનતાને અગવડ પડે તેવા કૃત્યો થતા અટકાવવા અને જાહેર ઉપદ્રવ થતો અટકાવવો જરુરી છે. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૨૬૮,૨૯૦,૨૯૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭, ૩૮ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારૂં માનવું છે.

આથી હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૨૬૮, ૨૯૦, ૨૯૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭, ૩૮ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૯/૯/૨૦૧૯ થી તા.૮/૧૦/૨૦૧૯ દરમ્યાન કોઈપણ વ્યક્તિએ આવતા-જતા વાહનો કે રાહદારીઓ પાસેથી નવરાત્રી અને દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં કે બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા વાહનો અથવા રાહદારીઓને રોકવા નહીં. નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઈ અશ્લીલ, અરુચિકર કે ત્રાસદાયક દેખાય તેવા કૃત્યો કરવા નહીં. તેમજ કોઈ વ્યક્તિ, જાહેર જનતાને કે બહુજન સમુદાયને હાનિ, ભય અથવા ત્રાસ પહોચે તેવું અથવા સાર્વજનિક અધિકાર ભોગવવા સમયે વ્યક્તિને જે કૃત્યથી હાનિ, ભય, અડચણ, ત્રાસ કે જાહેર ઉપદ્રવ થાય તેવું કૃત્ય કરવું નહીં. જાહેર સ્થળે અશ્લીલ ગીતો ગાય, સંભળાવી, અશ્લીલ શબ્દો ઉચ્ચારી, ઈશારા વિગેરે અશ્લીલ કૃત્યો કરવા નહીં. તેમજ જાહેર જનતા, સિનિયર સિટીઝન, દર્દી, શિક્ષણ લેતા વિદ્યાર્થી તેમજ આજુબાજુ રહેતી જાહેર જનતાને અગવડ પડે તેવા કૃત્યો કરવા નહીં.

ઉપરોક્ત હુકમનો ભંગ કરનાર ધી ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા કલમ- ૨૬૮,૨૯૦,૨૯૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫,૧૩૬ મુજબ શિક્ષાને પાત્ર થશે. ધી ઈન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ની કલમ-૧૮૮ નો ગુન્હો ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીજી/૩૫૬/એસીબી-૧/સીએલએ /૧૦૮૯ /૧૯૭૨૬ તા:૧૮/૧૨/૭૯થી એક પોલીસ અધિકારનો અને બિનજામીન લાયક ગુન્હો જાહેર થયેલ છે.

આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો,આકાશવાણી કે દુરદર્શન ઉપરથી જાહેરાતો કરાવવી.

આજ રોજ તારીખ : ૨૩/૯/૨૦૧૯ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE
A'BAD CITY

તા. ૨૩/૯ /૨૦૧૯
અમદાવાદ શહેર.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.